મહાપાલિકાના મિલકતવેરા બિલ હવે 'ડિજીલોકર'માં સાચવી શકાશે, ડિજિટલ નકલ પણ માન્ય ગણાશે

ભાવનગર, ભાવનગર મહાપાલિકાના કોમ્પ્યુટર વિભાગ દ્વારા નાગરિકોની સુવિધા માટે મહાનગરપાલિકાના મિલકતવેરા બિલને ભારત સરકારની ડિજીલોકર (ડિજિટલ લોકર) એપમાં ઈલેક્ટ્રોનિક સ્વરૂપે સાચવવાની નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. મિલકત કરની ઓનલાઈન સિસ્ટમને ડિજીલોકર સાથે જોડી દેવામાં આવી હોવાથી મિલકતધારકો પોતાની મિલકતનું વર્તમાન બિલ ડિજીલોકરમાં સંગ્રહ કરી શકે છે અને જરૂર પડ્યે તેને ડિજિટલ સ્વરૂપે રજૂ કરી શકશે. ડિજીલોકર મારફતે રજૂ કરવામાં આવતું મિલકતવેરા બિલ માન્ય ગણાશે, જેથી શહેરીજનોને પોતાના વેરા બિલ ડિજીલોકરમાં સાચવી રાખવા મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે.

ડિજીલોકર એપમાં મિલકતવેરાનું બિલ મેળવવા અને સાચવવા માટે નાગરિકોએ સૌપ્રથમ ડિજીલોકર એપમાં લોગઈન કરવું પડશે. ત્યારબાદ સર્ચ બોક્સમાં 'Bhavnagar Municipal Croproation' શોધીને તેમાં આવતા વિકલ્પોમાંથી 'Property Related Document' પસંદ કરવાનું રહેશે. આ પછી ડોક્યુમેન્ટ ટાઈપમાં 'Property Tax Bill' સિલેક્ટ કરી મિલકતનો ૧૪ આંકડાનો એસેસમેન્ટ કી નંબર દાખલ કરીને 'યેં ઈંષ્ઠેદ્વીહં' પર ક્લિક કરવાથી બિલ ઉપલબ્ધ થશે.

કોમ્પ્યુટર વિભાગ દ્વારા મિલકત કર ઓનલાઈન સિસ્ટમ ડિજીલોકર સાથે ઈન્ટિગ્રેટ કરાઈ; ૧૪ આંકડાના એસેસમેન્ટ કી નંબર દ્વારા બિલ મેળવી શકાશે

ઘોઘા પંથકમાં મંદિર અને વાડીઓમાં તસ્કરી કરનાર ટોળકી ઝબ્બે

થળસરના મંદિરમાંથી રોકડ, આલાપર-કોળિયાક સીમમાંથી ૬ ઈલેક્ટ્રિક મોટર અને ભાવનગરમાંથી ચોરાયેલી બાઈક સહિતનો મુદ્દામાલ કબજે કરાયો



ભાવનગર, ઘોઘા પોલીસ સ્ટેશનની ટીમે મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડી ઘોઘા પંથકની મંદિર તથા સીમ ચોરી ઉપરાંત ભાવનગર શહેરની વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ. એન. ચાવડા સહિતની સર્વેલન્સ ટીમ ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ઘોઘા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે હાથબ ગામના બંગલા રોડ પરથી દિપકભાઈ ધરમશીભાઈ ગોહીલ (ઉં.વ. ૩૮, રહે. હાથબ) અને મુકેશભાઈ ઉર્ફે મુની ભગવાનભાઈ ઢાપા (ઉં.વ. ૩૦, રહે. કોળિયાક)ને શંકાસ્પદ હાલતમાં રૂ. ૧૫,૦૦૦ની કિંમતની મોટરસાયકલ સાથે ઝડપી લેવાયા હતા. બંનેની યુક્તિ-પ્રયુક્તિથી પૂછપરછ કરતાં અન્ય સાગરિતોના નામ ખુલ્યા હતા અને પોલીસે પંકજભાઈ ઉર્ફે પક્કો માવજીભાઈ ગોહેલ (રહે. ચિત્રા, ભાવનગર) તથા ચોરીનો મુદ્દામાલ ખરીદનાર રિસીવર રોહિતભાઈ ઉર્ફે કાળુ હિમંતભાઈ પટેલિયા (રહે. અકવાડા) સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી હતી.

તપાસ દરમિયાન આરોપી દિપક ગોહીલે થળસર ગામની સીમમાં આવેલા બુટ ભવાની માતાજીના મંદિરની દાનપેટીમાંથી રોકડ ચોરી, આલાપર અને કોળિયાક ગામની સીમમાંથી વાડી ખેતરની પાણી ખેંચવાની રૂ. ૪૨,૦૦૦ની કિંમતની ૬ ઈલેક્ટ્રિક મોટરની ચોરી તેમજ ભરતનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે મોટરસાયકલની ચોરી કર્યાની કબૂલાત આપી હતી. જ્યારે અન્ય આરોપીઓ આલાપર-કોળિયાક સીમની મોટર ચોરીના ગુનામાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે.

પોલીસે આરોપીઓ પાસેથી થળસર મંદિરની દાનપેટીના રૂ. ૪,૬૩૦ રોકડા, રૂ.૪૨,૦૦૦ની કિંમતની ૬ ઈલેક્ટ્રિક મોટર અને રૂ.૧૫,૦૦૦ની કિંમતની મોટરસાયકલ સહિતનો મુદ્દામાલ રિકવર કર્યો છે. આ સમગ્ર કામગીરીમાં પ્રો. પી.આઈ. એમ. એ. શેખ અને પી.એસ.આઈ. એમ. એન. ચાવડા સાથે હેડ કોન્સ્ટેબલ સી. જે. સરવૈયા તેમજ પોલીસ કોન્સ્ટેબલ અલ્પેશભાઈ ગલસર, અર્જુનસિંહ ગોહીલ, મહાવીરસિંહ વાઢેર અને અનીલભાઈ મકવાણા જોડાયા હતા.

લીલી પરિક્રમા માટે ભાવ. એસટી ડેપો દ્વારા વિશેષ બસ દોડાવાશે

ભાવનગર, જૂનાગઢ ખાતે યોજાનાર પવિત્ર ગિરનાર લીલી પરિક્રમામાં જતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે વિભાગીય નિયામક આર. ડી. પિલવાઈકરના માર્ગદર્શન અનુસાર ભાવનગર એસ.ટી. ડેપો દ્વારા તારીખ ૨૦ નવેમ્બર, ૨૦૨૬થી ૨૪ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ખાસ બસ સેવા શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગર અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પરિક્રમાર્થીઓ જૂનાગઢ જતા હોવાથી તેમને સુગમ અને સલામત મુસાફરી મળી રહે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે.

ડેપો દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, આ ખાસ બસ દરરોજ સવારે ૧૦:૩૦ કલાકે ભાવનગરથી જૂનાગઢ જવા માટે ઉપડશે, જ્યારે પરત ફરવા માટે જૂનાગઢથી દરરોજ સાંજે ૫:૩૦ કલાકે ભાવનગર આવવા રવાના થશે. પરિક્રમા દરમિયાન મુસાફરોનો ધસારો અને જરૂરિયાત જણાશે તો તાત્કાલિક અસરથી વધારાની એક્સ્ટ્રા બસો પણ દોડાવવામાં આવશે, જેથી કોઈ પણ શ્રદ્ધાળુને મુસાફરીમાં અગવડતા ન પડે.

મુસાફરોની સરળતા માટે આ ખાસ બસ સેવામાં ઓનલાઈન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ રાખવામાં આવી છે. શ્રદ્ધાળુઓ ઘરે બેઠા GSRTCની સત્તાવાર વેબસાઈટ (gsrtc.in), મોબાઈલ એપ્લિકેશન અથવા બસ સ્ટેશનના બુકિંગ કાઉન્ટર પરથી અગાઉથી ટિકિટ બુક કરાવી શકશે.

સમગ્ર સંચાલન સમયસર અને સુચારુ રૂપે થાય તે માટે ડેપોના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ ખડેપગે ફરજ બજાવશે. ભાવનગર ડેપો મેનેજર હેમંત પટેલે શહેર અને જિલ્લાની ધર્મપ્રેમી જનતાને ખાનગી વાહનોના જોખમી પ્રવાસને બદલે નિગમની આ સલામત, સુવિધાજનક અને સમયબદ્ધ ખાસ બસ સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો છે.

સવારે ૧૦:૩૦ કલાકે ભાવનગરથી બસ ઉપડશે અને સાંજે ૫:૩૦ કલાકે જૂનાગઢથી પરત ફરશે; ઓનલાઈન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ : યાત્રીઓની ભીડ રહેશે તો બસની સંખ્યા વધારવા તૈયારી

સિહોરમાં તસ્કરોનો આતંક: બેંક કર્મીના ઘરમાં ઘૂસી રૂપિયા ૧.૮૦ લાખની ચોરી

મોડી રાત્રે ઘરે પરત ફરેલા કેશ ઓફિસરે એક તસ્કરને પકડતાં ચાર શખ્સોએ હુમલો કર્યો; મકાનમાલિક અને પાડોશીના ઘરમાં પણ ચોરી

શિહોર, ભાવનગર જિલ્લાના શિહોરમાં મોડી રાત્રે તસ્કરોની ટોળકીએ એક સાથે ત્રણ મકાનને નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો હોવાની ઘટના સામે આવી છે. અમરગઢ એસબીઆઈ બેંકમાં કેશ ઓફિસર તરીકે ફરજ બજાવતા કર્મચારીના બંધ મકાનનું તાળું તોડી તસ્કરોએ રૂ.૧.૮૦ લાખની મત્તા ચોરી લીધી હતી. દરમિયાન, રાત્રે ઘરે પરત ફરેલા કર્મચારીએ એક તસ્કરને પકડી લેતાં ચાર શખ્સોએ તેમના પર હુમલો કરી માથામાં બોથડ પદાર્થ માર્યો હતો. જેમાં તેમને આશરે ૧૦ ટાંકા આવ્યા હતા. મળતી વિગતો મુજબ, મૂળ બિહારના અને હાલ શિહોરની જગદીશ્વરાનંદ સોસાયટીમાં રહેતા રિતેશકુમાર પાંડે અમરગઢ એસબીઆઈ બેંકમાં કેશ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તા.૧૮ નવેમ્બરના રોજ તેઓ મિત્રના જન્મદિવસની ઉજવણીમાં ગયા હતા અને મોડી રાત્રે આશરે બે વાગ્યે ઘરે પરત ફર્યા હતા. આ સમયે મકાનમાંથી લીલા રંગનું હૂડી પહેરેલો એક પાતળા બાંધાનો શખ્સ નીકળીને ભાગવાનો પ્રયાસ કરતો હતો. રિતેશે તેને પકડી લેતાં અન્ય ત્રણ શખ્સો પણ આવી ગયા હતા અને તમામે ભેગા મળી તેમને ઢીકાપાટુનો માર માર્યો હતો. એક શખ્સે માથામાં બોથડ પદાર્થ મારતાં તેઓ લોહીલુહાણ થયા હતા.

તસ્કરો ભાગી ગયા બાદ તપાસ કરતાં ઘરના દરવાજાનું તાળું તૂટેલું અને સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. તિજોરીમાંથી સોનાના ત્રણ મંગળસૂત્ર, નાકની સોનાની બુટ્ટી અને દાણો, સોનાની વીટી તથા રૂ.૫૦ હજાર રોકડા મળી કુલ રૂ.૧.૮૦ લાખની મત્તા ગાયબ હતી. ઈજાગ્રસ્ત રિતેશકુમારને શિહોર સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મકાનમાલિક રવિભાઈ અને પાડોશી હિતેષભાઈના મકાનમાં પણ ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આ મામલે અજાણ્યા ચાર શખ્સો સામે તપાસ હાથ ધરી છે.

શિવકુંજ ધામ ખાતે 'કોટિ મહારુદ્ર યજ્ઞ'નો ધ્વજારોહણ અને મંડપારોપણ વિધિ સંપન્ન

સીતારામ બાપુની નિશ્રામાં આગામી ૧૯થી ૨૯ ડિસેમ્બર દરમિયાન યોજાશે દિવ્ય મહાયજ્ઞ; દેશભરમાંથી વિદ્વાન બ્રાહ્મણો પધારશે

ભાવનગર, ભાવનગર-સોમનાથ હાઈવે પર અધેવાડા વિસ્તારમાં આવેલા શિવકુંજ ધામ ખાતે આગામી માગશર સુદ દશમથી યોજાનાર દિવ્ય અને ભવ્ય 'કોટિ મહારુદ્ર યજ્ઞ'ની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ધ્વજારોહણ અને મંડપરોપણ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. રામેશ્વર નંદમયી માતાજી અને વરુણાનંદ મયી માતાજીના હસ્તે શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે આ મંગળ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

પુરોહિત શૈલેષભાઈ ભટ્ટે વૈદિક મંત્રોચ્ચાર અને દેવપૂજન સાથે મહાયજ્ઞ માટેના વિશાળ મંડપો, ડોમ તેમજ હવનકુંડોના નિર્માણ કાર્યની શરૂઆત કરાવી હતી. આ ધ્વજારોહણ વિધિ બાદ હવે આગામી દિવસોમાં યજ્ઞ સ્થળ પર વિશાળ ધર્મસભા ડોમ, મુખ્ય યજ્ઞશાળા અને શ્રદ્ધાળુઓ માટે પ્રસાદ ભવનના મંડપો ઊભા કરવાની કામગીરી તેજ ગતિએ હાથ ધરવામાં આવશે.





સંત સીતારામ બાપુની પાવન નિશ્રામાં આગામી તારીખ ૧૯ ડિસેમ્બર, ૨૦૨૬થી ૨૯ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન ભગવાન આશુતોષ શિવની આરાધનારૂપ આ કોટિ રુદ્ર મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક અને આધ્યાત્મિક મહોત્સવમાં શાસ્ત્રોક્ત યજ્ઞવિધિ સંપન્ન કરાવવા માટે સમગ્ર દેશભરમાંથી પ્રકાંડ વિદ્વાન બ્રાહ્મણો ખાસ પધારશે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શિવકુંજ માનસ પરિવાર તેમજ મંજુમા ફાઉન્ડેશન, મુંબઈના સ્વયંસેવકો દ્વારા અત્યારથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ભવ્ય ધર્મકાર્યમાં રાજ્ય અને દેશભરમાંથી અનેક પૂજ્ય સંતો-મહંતો, ધર્માચાર્યો તેમજ સામાજિક અને રાજકીય ક્ષેત્રના મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લેશે. સમગ્ર ભાવનગર પંથકમાં આ મહાયજ્ઞને લઈને અત્યારથી જ ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.

સિહોરના સર ખાતે સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર એચ. આર. જોષીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ

ખેતીની સરખામણીએ પશુપાલન ઓછા ખર્ચ અને જોખમ વગરનો વ્યવસાય

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,
પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સચિન ભાલેકર મો. ૮૭૭૯૯૮૪૦૩૭,સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪,
વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, ઇ-મેલ: auction@hindujahousingfinance.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટેરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓકશન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે પ્રત્યક્ષ કબજો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતનોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી **કબજાવાળી** મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો મુજબ છે :

નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારોના નામ	લોન ખાતા નં.	ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ	પજેશનની તારીખ અને પ્રકાર	નિરીક્ષણની તારીખ અને સમય	રીઝર્વ કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી)
1	ઉધારકર્તા : શ્રી અંસારહુસેન મોગલ સહ-ઉધારકર્તા: શ્રીમતી જૈનાબબાનુ મોગલ	GJ/BVN/MHVA/A000000138	Dt. 11/05/2026 & Rs. 9,85,232/-	૩૧/૧૦/૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	૦૫/૧૨/૨૦૨૬ સમય ૧૧.૦૦ થી ૨.૦૦	રૂા. ૧૩,૨૨,૫૦૦/-	રૂા. ૧,૩૨,૨૫૦/-

સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ : ગુજરાત રાજ્યના **જિ. ભાવનગર, તા. મહુવા,** ગામ ધોબીવાડ, વ્હોરાવાડ, પીપર પાસ ખાતે સ્થિત જે બિન-કૃષિ સ્થાવર મિલકતના તે તમામ પીસ અને પાર્સલ જે રહેણાંક ફ્લેટ/બ્લોક નં. ૬, મહુવા શહેર સર્વે નં. ૨૮૩૪, ૨૮૪૭ અને ૨૮૪૮ નો પહેલો માળ, બી-વિંગ ફોર્મિંગ ભાગ, તેના પર બાંધકામ ૫૦.૧૮ ચોરસ મીટર "કોમેલ પાર્ક" તરીકે ઓળખાય છે. જે હાલમાં શ્રીમતી જૈનાબબાનુ અંસારહુસેન મોગલની માલિકી અને કબજા હેઠળ જેની ચતુઃસીમા નીચે મુજબ :- ઉત્તર: કોમન પેસેજ. દક્ષિણ: રોડ. પૂર્વ: બ્લોક નં. ૫. પશ્ચિમ: બ્લોક નં. ૭

શરતો અને નિયમો : ૧. બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમ્ડી અને કેવાયસી સાથે **તા. ૨૪/૧૨/૨૦૨૬ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાય: https://bankeauctions.com અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે. ૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ): **તા. ૨૬/૧૨/૨૦૨૬ ના** https://bankeauctions.com ઉપર **બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે. ૩. ઉપર જણાવેલી મિલકત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડની તરફેણમાં આપવાનો રહેશે.૫. ઓકશન/બીડીંગ માત્ર ' ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ http://bankeauctions.com ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવાર નિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે. ૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક https://bankeauctions.com/registration/ sinup ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ. ની વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે. ૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં. ૭૮૭૪૮૨૮૭૮૯ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮ અથવા સર્વિસ પ્રોવાઈડર મેસર્સ સી ૧ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નંબર-૬૮,૩જી ફ્લોર સેક્ટર ૪૪ ગુડગાંવ હરિયાણા-૧૨૨૦૦૩ (સંપર્ક નં. ૭૨૯૧૯૮૧૧૨૪,૨૫,૨૬) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ ઇમેઇલ-Support@bankeauctions.com, શ્રી ભાવિક આર પંડયા મોબ. ૮૮૬૬૬૮૨૯૩૭. ઇમેઇલ કરો: Gujarat@c1india.com. હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

સ્થળ : ભાવનગર
તારીખ : ૨૩.૧૧.૨૦૨૬

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

અધિકૃત અધિકારી,
હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

સર્વોત્તમ ડેરી દ્વારા ૭૩મા અખિલ ભારતીય સહકાર સપ્તાહની ઉજવણી: પશુપાલન અને સેક્સ સોર્ટેડ સીમેન અંગે અપાયું વિશેષ માર્ગદર્શન



ભાવનગર, સિહોર તાલુકાના સર ખાતે આવેલી સર્વોત્તમ દાણ ફેક્ટરી ખાતે તારીખ ૧૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ૭૩મા અખિલ ભારતીય સહકાર સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સર્વોત્તમ ડેરીના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર એચ. આર. જોષીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમનો દીપ પ્રાગટ્ય દ્વારા પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ડેરીના ડિરેક્ટરો, અધિકારીઓ તેમજ સંયોજિત દૂધ મંડળીઓના પ્રમુખો, મંત્રીઓ અને વ્યવસ્થાપક કમિટીના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અધ્યક્ષીય સંબોધન કરતા એચ. આર. જોષીએ ખેતી અને પશુપાલન વ્યવસાયની તુલનાત્મક સમજ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ખેતીમાં ખાતર, બિયારણ, મજૂરી, દવા અને વાહનભાડા જેવા અનેક ખર્ચાઓ ઉપરાંત બજારમાં ભાવની અનિશ્ચિતતા અને જોખમ રહેલું છે. તેની સામે પશુપાલન એ જોખમ વગરનો વ્યવસાય છે, જેમાં પોતાની વાડીમાં જ ઘાસચારો ઉપલબ્ધ હોવાથી ખર્ચ નહિવત આવે છે અને સર્વોત્તમ ડેરી દ્વારા દૂધ ખરીદીના રેકોર્ડબ્રેક ભાવ મળતા હોવાથી પશુપાલકોને નિયમિત અને સારી આવક મળી રહે છે.

ચીફ જનરલ મેનેજર યોગેશકુમાર જોષીએ સેક્સ સોર્ટેડ સીમેન ડોઝના ફાયદા સમજાવતા કહ્યું કે આ ટેકનોલોજીથી ૯૦ ટકા માદા પશુ (પાડી/વાછરડી) નો જન્મ થાય છે, જેનાથી અસલ ગીર ગાય અને જાફરાબાદી ભેંસની ઓલાદ સુધરે છે, દૂધ ઉત્પાદન વધે છે અને રખડતા ખૂંટની સમસ્યા પણ ઘટે છે. સફળ એઆઈ વર્કર જીગર રાજુભાઈ બામ્બાએ માહિતી આપી કે બજારમાં ૧૦૦૦થી ૧૨૦૦ રૂપિયામાં મળતો આ ડોઝ સર્વોત્તમ ડેરી માત્ર ૩૦૦ રૂપિયામાં આપે છે અને પશુના વિયાણ બાદ આ રકમ પણ પરત કરી દેવામાં આવે છે.

સરકડિયા સોનના પ્રગતિશીલ પશુપાલક ગોપાલભાઈ ખાંભલ્યાએ પોતાનો અનુભવ વર્ણવતા જણાવ્યું કે તેમની પાસે ૨૫થી ૩૦ ભેંસો છે અને સેક્સ સોર્ટેડ સીમેન તેમજ સર્વોત્તમ દાણના ઉપયોગથી તેઓ દૈનિક ૧૫૦થી ૨૦૦ લિટર દૂધ ભરી આર્થિક સદ્ધરતા મેળવી રહ્યા છે. ઉપરાંત, ભાવનગર જિલ્લામાં સૌથી વધુ દૂધ ભરતી ગુંદરણા દૂધ મંડળીના મંત્રી કથડભાઈ કામળીયાએ પશુપાલકોને ભેળસેળયુક્ત કપાસિયાને બદલે સંતુલિત પોષકતત્વો ધરાવતું સર્વોત્તમ દાણ ખવડાવવા અપીલ કરી હતી. અંતમાં ડિરેક્ટર રાણાભાઈ કળોતરાએ ડેરીના ઊંચા ખરીદ ભાવનો મહત્તમ લાભ લેવા પશુપાલકોને અનુરોધ કર્યો હતો.